| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખઃ | ૧૪/૦૮/૨૦૨૫ | | |
| નોંધ્યા તારીખઃ | ૧૪/૦૮/૨૦૨૫ | | |
| ફેસલ તારીખઃ | ૦૯/૦૩/૨૦૨૬ | | |
| સમયગાળોઃ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૬ | ૨૩ |

**મહેરબાન ઓલપાડના એડિશ્નલ સીનીયર સીવીલ જજ અને એડિશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.**

**ફોજદારી પરચુરણ અરજી નં.૪૩૪/૨૦૨૫**
**આંક–**

અરજદારઃ પટેલ રેખાબેન ભગુભાઈ તે નટવરભાઈ પટેલની પત્ની
ઉ.આ.વ. ૭૩, ધંધોઃઘરકામ,
રહે. બ્રાહ્મણ ફળીયુ, કઠોદરા, તા.કામરેજ જી.સુરત.

**વિરૂધ્ધ**

સામાવાળાઃ મામલતદાર સાહેબશ્રી તથા જાણકાર અધિકારીશ્રી
મામલતદાર કચેરી, ઓલપાડ, સુરત.

**<u>વિષયઃ</u> <u>જન્મ–મરણ નોંધણી અધિનિયમ–૧૫ અંતગર્ત જન્મનાં દાખલામાં સુધારો કરવા બાબત.</u>**

| | | |
|---|---|---|
| અરજદાર તરફે | : | વિ.વ.શ્રી ડી.એમ.પરમાર/બી.બી.પટેલ |

**–:: ઠરાવ ::–**

**(૧)** આ કામના અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદારનો જન્મ મોજે મુળદ, તા.ઓલપાડ, જી.સુરત મુકામે તા.૨૫/૧૨/૧૯૫૨ ના રોજ થયેલ હતો. જે અંગેની નોંધણી તા.૨૫/૦૧/૧૯૫૩ નો રોજ મુળદ ગામના જન્મ–મરણ રજીસ્ટરનાં દફતરે

જાન્યુઆરી–૧૯૫૩ માં કરવામાં આવેલી છે. પરંતુ તે સમયે અરજદારના વડીલોએ અરજદારનુ નામ ઉર્મિલાબેન લખાવેલ હતુ. પરંતુ અરજદારનું સાચુ અને ખરૂ નામ રેખાબેન છે. વધુમા જાહેર કરેલ છે કે, અરજદારનું સાચુ અને ખરૂ નામ રેખાબેન છે પરંતુ આ કામના સામાવાળા તરફથી આપવામાં આવેલ જન્મ–મરણ પત્રક ગામ નમુના નં.૧૪ નાં નામવાળી કોલમમાં બાળકનું નામ ઉર્મીલાબેન લખાયેલ છે તથા પિતાના નામવાળી કોલમમાં પિતાનું નામ ભગાભાઈ લખાયેલ છે. પરંતુ અરજદારના પિતાનું સાચુ અને ખરૂ નામ ભગુભાઈ છે. પરંતુ અરજદારના અન્ય પુરાવા જેવા કે આધાર કાર્ડ, પાનકાર્ડ, પાસપોર્ટ વિગેરેમાં અરજદારનું નામ રેખાબેન લખાયેલ છે. અરજદારના જન્મ–મરણ પત્રક ગામ નમુના નં.૧૪ તથા અન્ય પુરાવાઓમાં અરજદારના નામમા વિસંગતતા ઉપસ્થિત થયેલ હોય જેના પરિણામે જન્મ–મરણ પત્રક ગામ નમુના નં.૧૪ માં નામમાં સુધારો કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે. હાલમા અરજદાર ટુંક સમયમાં વિદેશ જવાના હોય પરંતુ નામની વિસંગતતાના કારણે ઘણી બધી તકલીફો ઉપસ્થિત થાય તેમ હોય પરિણામે હાલની આ અરજી કરેલ છે તેમ જણાવી અરજીના પેરા–૧૦ માં નીચે મુજબની દાદ માંગલ છે.

**અ)** આ કામના સામાવાળા અમો અરજદારના જન્મ–મરણનુ પત્રક ગામ નમુનો નં.૧૪ માં બાળકના નામવાળી કોલમમા ઉર્મીલાબેન લખાયેલ છે તેના સ્થાને રેખાબેન મુજબનો સુધારો કરી આપે તથા પિતાની નામવાળી કોલમમાં પિતાનું નામ ભગાભાઈ લખાયેલ છે તેના સ્થાને ભગુભાઈ મુજબનો સુધારો કરી આપે તે મુજબનો મહેરબાની રાહે હુકમ ફરમાવશોજી.

**બ)** આ અરજીની એકંદર હકીકતમાં અમો અરજદારના લાભમાં વિશેષ લાગે તેવી વધુ દાદ અપાવશોજી.

**(૨)** અરજદારની અરજી અનુસંધાને સામાવાળાને નોટીસ કરતા સામાવાળા તરફે સાહેદે સોગંદ ઉપર જુબાની રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

**:: મૌખિક પુરાવો ::**

| ક્રમ | આંક | સાહેદ |
|---|---|---|
| (૧) | ૦૭ | અરજદાર રેખાબેન ભગુભાઈ તે નટવરભાઈ પટેલની પત્નીની સોગંદ ઉપર સરતપાસ. |
| (૨) | ૧૮ | સાહેદ શાંતિલાલ ભગુભાઈ પટેલની સોગંદ ઉપર સરતપાસ. |
| (૩) | ૧૯ | સાહેદ મગનભાઈ ડાયાભાઈ પટેલની સોગંદ ઉપર સરતપાસ. |

**:: દસ્તાવેજી પુરાવો ::**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૦૯ | અરજદારનો જન્મના દાખલાની ખરી નકલ. |
| (૨) | ૧૦ | અરજદારના આધારકાર્ડની ટ્રુ કોપીવાળી નકલ. |
| (૩) | ૧૧ | વોટીંગકાર્ડની  ટ્રુ કોપીવાળી નકલ. |
| (૪) | ૧૨ | અરજદારના પાસપોર્ટની ટ્રુ કોપીવાળી નકલ. |
| (૫) | ૧૩ | જાહેર પેપર પ્રસિધ્ધિનું અસલ પેપર. |
| (૬) | ૧૪ | જાહેર પેપર પ્રસિધ્ધિનુ બીલ. |

અરજદાર તરફે આંક–૨૦ થી પુરાવા બંધની પુરસીસ આપવામાં આવેલ છે.

(૩.૧) સદર કામે અરજદાર તરફે આંક–૧૪ થી જે ચુકાદાઓનું લીસ્ટ રજુ રાખેલ છે જે માનસહ વંચાણે લીધા.

(૪) આ કામે સામાવાળા તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

**:: મૌખિક પુરાવો ::**

| ક્રમ | આંક | સાહેદ |
|---|---|---|
| ૧ | ૧૫ | સાહેદ નાકરાણી ગેયેશભાઈ છગનભાઈની સોગંદ ઉપર સરતપાસ. |

**:: દસ્તાવેજી પુરાવો ::**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૧૭ | જન્મ–મરણ રજીસ્ટરના ઉતારાની નકલ. |

(૫) આ અરજીના ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

૧. શું અરજદાર આંક–૦૧ ની અરજીના પેરા નં.૧૦ માં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં. (૧) હકારમાં.

મુદ્દા નં. (૨) આખરી હુકમ મુજબ.

**–:: કારણો ::–**

**મુદ્દા નં. (૧) :**

(૭) સદર કામે અરજદાર રેખાબેન ભગુભાઈ તે નટવરભાઈ પટેલની પત્નીએ આંક–૭ થી સોગંદ ઉપર સરતપાસ રજુ કરેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, અમો અરજદાર ઉપરોક્ત સરનામે રહીએ છીએ. હાલની આ અરજી અમોએ અમારા જન્મનાં દાખલામાં બાળકના નામવાળી કોલમમાં તથા પિતાના નામવાળી કોલમમાં સુધારો કરવા માટે હાલની આ અરજી કરેલી છે. અમો અરજદારનો જન્મ મોજે મુળદ, તા.ઓલપાડ, જી.સુરતની સીમમાં થયેલ હોય જે અંગેની નોંધણી મુળદ ગ્રામ પંચાયતના જન્મ નોંધણી

રજીસ્ટરમાં નોંધણી ક્રમાંક–૧૪ થી તા.૨૫/૦૧/૧૯૫૩ ના રોજ કરવામાં આવેલ છે. જેમાં બાળકના નામવાળી કોલમમાં અમોનું નામ ઉર્મિલાબેન લખાયેલ છે. ખરી હકીકતમાં અમારૂ સાચુ અને ખરૂ નામ રેખાબેન છે. તેમજ પિતાના નામવાળી કોલમમાં અમોના પિતાનું નામ ભગાભાઈ લખાયેલ છે. ખરી હકીકતમાં અમારા પિતાનું સાચુ અને ખરૂ નામ ભગુભાઈ છે. અમારા અન્ય પુરાવાઓ જેમ કે, સ્કુલ લીવીંગ સટીફિકેટમાં મારૂ નામ ઉર્મિલાબેન લખાયેલ જેમાં સુધારો કરવાની કામગીરી ચાલુ છે તથા અમારા આધારકાર્ડ, પાનકાર્ડ, વોટીંગકાર્ડમાં વિગેરેમાં મારૂ નામ રેખાબેન લખાયેલ છે. તેમજ સમાજમાં પણ અમોને રેખાબેનના નામથી જ લોકો ઓળખતા આવેલ છે. હાલમાં અમોને સરકારી કામકાજ અર્થે જન્મના દાખલાની શોધખોળ કરતાં જન્મનો દાખલો મળી આવેલ છે, જેમાં જન્મનો દાખલો જોતાં જેમાં અમોનું નામ અમારા અન્ય પુરાવા કરતાં અલગ–અલગ જણાય આવેલ છે. પરિણામે હાલના તબકકે જન્મનાં દાખલામાં બાળકના નામવાળી કોલમમાં બાળકનાં નામમાં સુધારો કરવાની જરૂરીઆત ઉપસ્થિત થયેલ છે.

**(૭.૧)** સદર કામે અરજદાર તરફે સાહેદ શાંતિલાલ ભગુભાઈ પટેલનાએ આંક–૧૮ થી સોગંદ ઉપર સરતપાસ રજુ કરેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, હાલની અરજી ઉપરોકત કામે કરવામાં આવેલ છે તે બાબતે અમો સંપુર્ણપણે વાકેફ છીએ. આ કામના અરજદાનું સાચુ અને ખરૂ નામ રેખાબેન છે તેમજ સમાજમાં અને ઘરમાં પણ રેખાબેન તરીકે જ બોલાવે છે. તેમજ પિતાનું સાચુ અને ખરૂ નામ ભગુભાઈ છે તેમજ સમાજમાં અને ઘરમાં પણ ભગુભાઈ તરીકે જ બોલાવે છે. આ કામના અરજદારના પુરાવાઓ જેમકે આધારકાર્ડ, વોટીંગકાર્ડ, પાસપોર્ટમાં રેખાબેન લખાયેલ છે. તેમજ પિતાનું નામ ભગુભાઈ લખાયેલ છે. જેમા જન્મનો દાખલો જોતા અરજદાનું નામ ઉર્મિલાબેન લખાયેલ છે તેમજ પિતાનું નામ ભગાભાઈ લખાયેલ છે. જે જોતા જન્મનો દાખલા કરતા અન્ય પુરાવામાં અલગ અલગ જણાય આવેલ છે. પરિણામે હાલના તબક્કે જન્મના દાખલામાં બાળકના નામવાળી કોલમમાં

બાળકના નામમાં તથા પિતાના નામમાં સુધારો કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે. અરજદારના પુરાવાઓ જેમકે, આધારકાર્ડ, વોટીંગ કાર્ડ, પાસપોર્ટમાં તેમજ અરજી સાથે રજુ કરેલ સરતપાસ વિગેરેને ધ્યાને લઈ હાલની અરજી મંજુર કરવાની જરૂર છે. આ કામના અરજદારને અમો કુટુંબીજનો તેમજ સમાજમાં પણ રેખાબેન ભગુભાઈ પટેલના નામથી જ લોકો ઓળકતા આવેલ છે. આ કામના અરજદારે તેમની અરજીમાં જે દાદ માંગેલી છે તે દાદ મંજુર કરવામાં આવે તો સંસ્થા, વ્યકિત, કંપની કે કોઈને પણ નુકશાન થાય તેમ ન હોય પરિણામે મારી બહેને આંક–૧ ની નામદાર કોર્ટમાં જે અરજી કરેલી છે તેમા પેરા–૧૦ મા માંગ્યા મુજબની દાદ મંજુર કરવાની ન્યાયના હિતમા જરૂર છે.

**(૭.૨)** સદર કામે અરજદાર તરફે સાહેદ મગનભાઈ ડાયાભાઈ પટેલનાએ આંક–૧૯ થી સોગંદ ઉપર સરતપાસ રજુ કરેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, હાલની અરજી ઉપરોકત કામે કરવામાં આવેલ છે તે બાબતે અમો સંપુર્ણપણે વાકેફ છીએ. આ કામના અરજદાનું સાચુ અને ખરૂ નામ રેખાબેન છે તેમજ સમાજમાં અને ઘરમાં પણ રેખાબેન તરીકે જ બોલાવે છે. તેમજ પિતાનું સાચુ અને ખરૂ નામ ભગુભાઈ છે તેમજ સમાજમાં અને ઘરમાં પણ ભગુભાઈ તરીકે જ બોલાવે છે. આ કામના અરજદારના પુરાવાઓ જેમકે આધારકાર્ડ, વોટીંગકાર્ડ, પાસપોર્ટમાં રેખાબેન લખાયેલ છે. તેમજ પિતાનું નામ ભગુભાઈ લખાયેલ છે. જેમા જન્મનો દાખલો જોતા અરજદાનું નામ ઉર્મિલાબેન લખાયેલ છે તેમજ પિતાનું નામ ભગાભાઈ લખાયેલ છે. જે જોતા જન્મનો દાખલા કરતા અન્ય પુરાવામાં અલગ અલગ જણાય આવેલ છે. પરિણામે હાલના તબક્કે જન્મના દાખલામાં બાળકના નામવાળી કોલમમાં બાળકના નામમાં તથા પિતાના નામમાં સુધારો કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે. અરજદારના પુરાવાઓ જેમકે, આધારકાર્ડ, વોટીંગ કાર્ડ, પાસપોર્ટમાં તેમજ અરજી સાથે રજુ કરેલ સરતપાસ વિગેરેને ધ્યાને લઈ હાલની અરજી મંજુર કરવાની જરૂર છે. આ કામના અરજદારને અમો

કુટુંબીજનો તેમજ સમાજમાં પણ રેખાબેન ભગુભાઈ પટેલના નામથી જ લોકો ઓળકતા આવેલ છે. આ કામના અરજદારે તેમની અરજીમાં જે દાદ માંગેલી છે તે દાદ મંજુર કરવામાં આવે તો સંસ્થા, વ્યકિત, કંપની કે કોઈને પણ નુકશાન થાય તેમ ન હોય પરિણામે મારી બહેને આંક-૧ ની નામદાર કોર્ટમાં જે અરજી કરેલી છે.

(૭.૩) સદર કામે સામાવાળા તરફે સાહેદ નાકરાણી ગેયેશભાઈ છગનભાઈનાએ આંક-૧૫ થી સોગંદ ઉપર સરતપાસ રજુ કરેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, અમો આ કામના સામાવાળાની કચેરીમાં (તલાટી કમ મંત્રી તરીકે) વર્ષોથી ફરજ નીભાવીએ છીએ. અમારી ફરજમાં વહીવટી કામકાજો આવે છે. સાથે આ કામના અરજદારનો જન્મ મોજે મુળદ મુકામે, તા.ઓલપાડ, જી.સુરત મુકામે જાન્યુઆરી ૧૯૫૩ ના વર્ષમાં થયેલ છે. આ કામના અરજદારની જન્મની નોંધણી જન્મ રજીસ્ટરમાં સને ૧૯૫૩ ના વર્ષમાં નોંધણી કરવામાં આવેલ છે. જેમા નામ ઉર્મિલાબેન લખાયેલ છે. તેમજ બાપ તથા દાદાનું નામ ભગાભાઈ રામભાઈ પટેલ લખાયેલ છે તથા જાણ કણબી લખાયેલ છે. સદરહુ જન્મનો દાખલો જે રજુ કરવામાં આવેલ છે તે અમારી કચેરીમાંથી કરવામાં આવેલ છે. અમોને નામદાર કોર્ટ તરફથી નોટીસની બજવણી કરવામાં આવેલી છે. જે નોટીસ અંતગર્ત કચેરીમાં જન્મ રજીસ્ટરના ઉતારાની ખરી નકલ લઈ હાજર થયેલ છું. હું આજરોજ સને ૧૯૫૩ ના જન્મના રજીસ્ટરના ઉતારાની ખરી નકલ આજરોજ મારી સાથે લાવેલ છે.

(૮) ઉપર મુજબ રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતાં, આ કામના અરજદારની અરજીની હકીકત મુજબ અરજદારનુ સાચુ નામ રેખાબેન છે તેમજ આંક-૧૦ થી રજુ અરજદારના આધારકાર્ડની નકલમાં, આંક-૧૧ થી રજુ અરજદારના વોટીંગ કાર્ડની નકલમાં તથા આંક-૧૨ થી રજુ અરજદારના પાસપોર્ટની નકલમાં અરજદારનું નામ રેખાબેન લખેલ હોવાનુ જણાય આવે છે. આમ અરજદાર તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ખોટા હોવાનુ માનવાને કોઈ કારણ રહેલ નથી.

(૯) આમ, સદર કામે રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા અરજદારના જન્મના પ્રમાણપત્રમાં ઉર્મીલાબહેન લખાયેલ છે તેના સ્થાને અરજદારે માંગેલ દાદ અનુસાર રેખાબેનનો તથા પિતાનું નામ ભગાભાઈ લખાયેલ છે તેના સ્થાને ભગુભાઈના નામનો સુધારો કરવો યોગ્ય તેમજ ન્યાયોચીત જણાતુ હોય ન્યાયના વિશાળ હિતમાં મુદ્દા નં.૧ નો નિર્ણય હકારમાં ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) અરજદારની અરજી આથી મંજુર કરવામાં આવે છે.
(૨) જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૫ મુજબ આ કામના સામાવાળાને આદેશ આપવામાં આવે છે કે, આ કામના અરજદાર રેખાબેન ભગુભાઈના જન્મ-મરણનુ પત્રક ગામ નમુનો નં.૧૪ માં બાળકના નામવાળી કોલમમા ઉર્મીલાબેન લખાયેલ છે તેના સ્થાને રેખાબેન મુજબનો સુધારો કરી આપે તથા પિતાની નામવાળી કોલમમાં પિતાનું નામ ભગાભાઈ લખાયેલ છે તેના સ્થાને ભગુભાઈ મુજબનો સુધારો કરી આપે તેવો હુકમ સામાવાળાને કરવામાં આવે છે.
(૩) અરજદારને સુધારા મુજબનું નવુ જન્મ પ્રમાણપત્ર કાઢી આપવાનો હુકમ કરવામાં આવે છે.
(૪) આ અંગેની જરૂરી યાદી સામાવાળાને કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૯/૦૩/૨૦૨૬.
સ્થળ ઓલપાડ.

(દીપ્તી મૌલિક પંડયા)
એડી.સીની.સીવીલ જજ અને
અડી.ચીફ જયુડી.મેજી.ઓલપાડ.
Code No. GJ-01290